(સ.મુ.વ)– ૧૦૬૯–૧,૦૦,૦૦૦–૬–૨૦૧૩.
G.P.C Schedule, I. Appr. D. No.1] Civ.A
37g.

# હુકમનામું

અસલ ફરિયાદીનું હુકમનામું
(ઓ.૨૦, કા–૬–૭).
(ફોર્મ નં–૧ પરિશિષ્ટ, શેડયુલ–૧).

## મે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રી, મુ.મોડાસા, જી.અરવલ્લી.

સ્પે.દિ.મું.નં.૦૯/૨૦૨૫
આંક–

| | | |
|---|---|---|
| **વાદી** | ૧ | મગાજી સવાજી પરમાર |
| | ૨ | ભીખાજી સવાજી પરમાર. |
| | ૩ | ગજીબેન ગોકળજી પરમાર. |
| | ૪ | ભલાજી કેશાજી પરમાર. |
| | ૫ | જશાજી કેશાજી પરમાર. |
| | ૬ | પ્રતાપજી હેમતાજી પરમાર. |
| | ૬/૧ | વિપુલકુમાર પ્રતાપજી પરમાર. |
| | ૬/૨ | ભાવેશકુમાર પ્રતાપજી પરમાર. |
| | ૬/૩ | કૈલાશબેન પ્રતાપજી પરમાર. |
| | ૬/૪ | ટીનુબેન પ્રતાપજી પરમાર. |
| | ૭ | ધુળાજી હેમતાજી પરમાર. |
| | ૭/૧ | શૈલેશકુમાર ધુળાજી પરમાર. |
| | ૭/૨ | સુરેખાબેન ધુળાજી પરમાર. |
| | ૭/૩ | જશીબેન ધુળાજી પરમાર. |
| | ૮ | ભીખાજી હેમતાજી પરમાર. |
| | ૯ | રણજીતજી બલાજી પરમાર ગુ.વા. |
| | ૯/૧ | કૈલાશબેન રણજીતજી પરમાર. |
| | ૯/૨ | હસમુખકુમાર રણજીતજી પરમાર. |
| | ૯/૩ | નયનાબેન  રણજીતજી પરમાર. |
| | ૯/૪ | માયાબેન રણજીતજી પરમાર. |
| | ૯/૫ | ભાવનાબેન રણજીતજી પરમાર. |
| | ૧૦ | રમણજી બલાજી પરમાર. |
| | ૧૧ | જુજારજી બલાજી પરમાર(મરણ અપરણીત). |

| | | |
|---|---|---|
| | ૧૨ | સોનીબેન બલાજી પરમાર. |
| | ૧૩ | વનાબેન બલાજી પરમાર(મરણ). |
| | ૧૪ | મોતીબેન કોદરજી પરમાર. |
| | તમામ રહે | જામાપુર, તા.મોડાસા,જી.અરવલ્લી. |

**વિરૂધ્ધ**

| | | |
|---|---|---|
| | ૧ | તખુબેન જેશાજી પુજારા |
| **પ્રતિવાદીઓ** | ૧/૧ | નરેન્દ્રસિંહ આલુસીંહ પુજારા. |
| | ૧/૨ | જયેન્દ્રસિંહ આલુસિંહ પુજારા. |
| | ૧/૩ | અરૂણાબેન આલુસિંહ પુજારા. |
| | ૧/૪ | અનસુયાબેન આલુસિંહ પુજારા. |
| | ૨ | બબાજી પુજાજી પરમાર. |
| | ૨/૧ | ભાથીજી બબાજી પરમાર. |
| | ૨/૨ | રમીલાબેન બબાજી પરમાર. |
| | ૨/૩ | સીતાબેન બબાજી પરમાર. |
| | ૩ | રજુજી પુજાજી પરમાર ગુ.વા. |
| | ૩/૧ | કોદીબેન રજુજી પરમાર. |
| | ૩/૨ | ભુપતકુમાર રજુજી પરમાર. |
| | ૩/૩ | સોવનબેન રજુજી પરમાર. |
| | ૩/૪ | સંજયકુમાર રજુજી પરમાર. |
| | ૧ થી ૩ રહે | જામાપુર, તા.મોડાસા,જી.અરવલ્લી. |
| | ૪ | મેનેજરશ્રી, મોડાસા નાગરિક સહકારી બેન્ક લી.ગણેશપુર શાખા |
| | ઠે | ગણેશપુર, તા.મોડાસા,જી.અરવલ્લી. |

| | |
|---|---|
| દાવો – | **રૂા.૧,૫૫,૬૭,૭૪૦/– પુરાના આંકથી વળતરની રકમ મેળવવા તથા જાહેરાત અંગેનો તેમજ મકનાઈ હુકમ માટેનો.** |

| | | | |
|---|---|---|---|
| | | **દાવો દાખલ તારીખ :** | **૧૧/૧૧/૨૦૨૫** |
| | | **દાવો નિકાલ તારીખ :** | **૨૪/૦૪/૨૦૨૬** |
| | | વાદીના વિ.વ.શ્રી | એન.પી.પટેલ. |
| | | પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ વિ.વ.શ્રી | એચ.એસ.પટેલ. |
| | | પ્રતિવાદી નં.૪ ના વિ.વ.શ્રી. | પી.એ.ઉપાધ્યાય. |

(૧) મોજે જામાપુર તા.મોડાસા જી.અરવલ્લીની સીમના રેવન્યુ સર્વે નં.૧૬૩ પૈકી ૨ નવો સર્વે નં.૧૪૧ વાળી ખેતીની જમીન હે.૬–૪૭–૨૪ ચો.મી જમીન વાદીઓ

તથા પ્રતિવાદીઓ અને અન્ય ખાતેદારોની સંયુકત માલિકીની આવેલી છે અને તે જમીનમાં આશરે ૬૦ વર્ષ ઉપરાંતથી તમામ ખાતેદારો પોત પોતાના ભાગ પાડી શેઢા પાડી પાળાઓ કરી સ્થળ ઉપર કબ્જો ભોગવટો રાખી વાવેતર કરી ખેત ઉત્પન્ન લેતા હતા અને લઈએ છીએ.

(૨) સદર સર્વે નં.૧૬૩ પૈકી ૨ નવો સર્વે નં.૧૪૧ વાળી જમીન હે.૬–૪૭–૨૪ ચો.મી જમીનમાંથી હે.૦–૩૦–૫૦ ચો.મી જમીન તેમજ તેમાં આવેલ મહુડો–૧, આંબો–૧, લીમડો–૧ સાથે જમીન શામળાજી મોડાસા માલપુર લુણાવાડ ગોધરા હાલોલ ધોરીમાર્ગ નં.૫ જેને ચારમાર્ગીય કરવાના જાહેર હેતુ કાયમી સંપાદન કરવાની જરૂરીયાત ઉપસ્થીત થતા જે અંગેની કાર્યવાહી ખાસ જમીન સંપાદન અધિકારી સાબરકાંઠા જીલ્લા હિંમતનગરનાઓએ કલમ–૧૧ અંગેનો એવોર્ડ જાહરે કરેલો જેમાં સદર સર્વે નંબરની સંયુકત જમીનમાંથી વાદીઓના હીસ્સામાંથી હે.૦–૩૦–૫૦ ચો.મી જમીન સંપાદન થયેલ પરંતુ સદર સર્વેનં.૧૬૧ પૈકી ૨ માં સંયુકત જમીનમાંથી  વાદીઓ તેમજ આ કામના પ્રતિવાદી તખુબેન જેશાજી પરમાર નુ ૭/૧૨ ના ઉતારામાં પ્રથમ નામ હોઈ ખાસ જમીન અધિકારીએ તે મુજબ જી પત્રક બનાવેલ અને જમીન સંપાદન ધારાની કલમ–૧૮ મુજબના રેફરન્સ ખાસ જમીન સંપાદન અધિકારી હીંમતનગરનાઓને દાખલ કરતાં જે મોડાસાના નામદાર પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં જેનો લેન્ડ રેફરન્સ કેસ નં.૧૮/૨૦૦૭ અને નવો એલ એ.આર નં.૧૧/૨૩ પડેલ હતો ત્યારબાદ પ્રતિવાદીઓની જાણમાં તેઓની સદર સર્વે નંબરમાંથી કોઈ જમીન સંપાદન થયેલી નથી તેવુ સ્પષ્ટ પણે જાણતા હતા પરંતુ અંદરો અંદર સગા થતા હોઈ અને વાદીઓ કાયદાના અજ્ઞાન હોઈ ગણા લાંબા સમય બાદ કેસ નામદાર કોર્ટમાં બોર્ડ ઉપર આવેલ હોઈ તપાસ કરતા પ્રતિવાદીઓના માતા તખુબેન જેશાજી પરમારના એકલાના નામે એલએ.કયુ કેસ

નં.૧૮/૨૦૦૭ પડેલ અને તે ગુજરતા તેઓના વારસો પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ ના નામ દાખલ કરવામાં આવેલા તે સમયે પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ સગા થતા હોઈ જો વાદીઓના નામ મુળ પત્રક મુજબ દાખલ કરવા જશો તો કેસ લાબો જતો રહેશે અને પૈસા કદાચ ન પણ મળે અને અમારી જમીન સંપાદન થયેલી નથી જેથી વાદીઓ અને પ્રતિવાદીઓ તેમજ અન્ય ખાતેદારો તેમજ ગામલોકો જાણતા હોવાથી વળતરની રકમ જમા થયેથી તમોને પુરેપુરી ચુકવી આપીશુ તેવુ પ્રતિવાદીઓ નં.૧/૧ થી ૧/૪ એ જણાવેલું અને કેસ કાર્યવાહીમાં પણ વાદીઓ પ્રતિવાદીઓ નં. ૧/૧ થી ૧/૪ ની સાથે આવતા હતા અને સદર મુળ એલ.એ.કયુ કેસ નં.૧૮/૨૦૦૭ જેને નવો એલ.એ.આર નં.૧૧/૨૩ ચાલી જતા નામદાર કોર્ટે તા.૨૯/૪/૨૪ ના રોજ જજમેન્ટ અને હુકમનામાથી વળતર ચુકવવાનો હુકમ કરેલો.

(૩) સદર લેન્ડ રેફરન્સ કેસ નં.૧૧/૨૩ નુ ઠરાવ તા.૨૯/૪/૨૪ ના રોજ થયા બાદ મોડાસાના મે.પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ મારફતે કરવામાં આવેલા વળતરના હુકમ ના અનુસંધાને કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ)ધ્વારા નામદાર કોર્ટમાં રૂા.૨,૨૧,૯૧,૨૧૬/–વળતરની રકમ નામદાર કોર્ટમાં જમા થતા સી.એમ.એ.નં.૨૧/૨૫ થી પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૪ નાએ રૂા.૨,૨૨,૫૩,૫૩૪/–ઉપાડવા એડવોકેટ મારફતે તા.૨૩/૪/૨૫ ના રોજ અરજી દાખલ કરેલી જેમાં પ્રતિવાદી નં.૧/૪ નાએ પ્રતિવાદી નં.૧/૧ નાને તેના હીસ્સાની રકમ ચુકવવા સંમતિ આપેલી છે અને તે અરજીમાં માગ્યા મુજબ નામદાર કોર્ટે પ્રતિવાદી નં.૧/૧ નૈ પ્રતિાવદી નં.૧/૪ ની સંમતીથી રૂા.૧,૧૧,૨૬,૭૬૬/–તેમજ પ્રતિવાદી નં.૧/૨ ને રૂા.૫૫,૬૩,૩૮૪/–અને પ્રતિવાદી નં.૧/૩ ને રૂા.૫૫,૬૩,૩૮૪/–ને સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા મોડાસા શાખાના તા.૨૫/૭/૨૫ ના ચેક નામદાર કોર્ટે આપેલા અને તે સમયે પણ

વાદીઓ તેઓની સાથે રહેલા અને આ રકમ પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ ના ખાતામાં જમા થયેથી વાદીઓને ચુકવી આપવાનો પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૩ નાએ વિશ્વાસ આપેલો જેથી અમોએ તે વખતે કોઈ કાર્યવાહી કરેલી નહી કે વાંધો લીધેલો નહી.

(૪) ત્યારબાદ પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૩ પાસે તેઓના મોડાસા નાગરીક સહકારી બેંકના ખાતામાં પૈસા જમા થતા અમોએ તેઓની પાસે વળતરની રકમ અમારી પુરેપુરી ચુકવી આપવા જણાવતા પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ એ જણાવેલ કે એક સાથે રકમ તમને અપાશે નહી તો સરકાર ટેક્ષ કાપી લેશે અને થોડા થોડા સમયના અંતરે વાદીઓના સંપાદન થયેલી જમીનના હીસ્સા પ્રમાણે તમોને ચેક આપી પેમેન્ટ કરી દઈશુ તેમ જણાવી પ્રતિવાદી નં.૧/૧ ના મોડાસા નાગરીક સહકારી બેંકના ખાતા નં.૮૦૬૦૫૩૦૦૧૦૦૦૫૭૩ તેમજ પ્રતિવાદી નં.૧/૨ ના મોડાસા નાગરીક સહકારી બેંકના ખાતા નં.૮૦૬૦૫૩૦૦૧૦૦૦૪૬૭ તેમજ પ્રતિવાદી નં.૧/૩ ના મોડાસા નાગરીક સહકારી બેંકના ખાતા નં.૮૦૬૦૫૩૦૦૧૦૦૦૫૭૪ ત્રણ ખાતાઓમાંથી અમો વાદીઓ અને અમારા સંતાનો ના નામના અલગ અલગ ભાગ પ્રમાણેની રકમોના પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૩ નાએ તેઓના ખાતાઓમાંથી કુલ રકમ રૂા.૨,૨૨,૫૩,૫૩૪/-માંથી રૂા. ૬૬,૮૫,૭૯૪/-ચેકથી ચુકવેલા અને બાકી રહેતી રકમ રૂા.૧,૫૫,૬૭,૭૪૦/-થોડા દિવસમાં ચેકથી ચુકવશે તેમ વિશ્વાસ આપેલો અને વાદીઓએ બાકી રકમ લેવા માટે પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૩ નાને વારંવાર ઉઘરાણી કરતા પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૩ કહેતા હતા કે અમારા માતા તખુબેન જેશાજીના નામે એવોર્ડ થયેલો છે તેમ છતા આટલી મોટી રકમ તમોને આપેલી છે હવે કોઈ રકમ તમોને મળશે નહી કારણ કે તમારૂ કોઈ નામ નથી જેથી અમો વાદીઓ આવાક થઈ ગયેલા અને પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૩ સગા હોઈ

અને તેઓના ઉપર ભરોસો અને વિશ્વાસ રાખી વળતરની રકમ પેમેન્ટ વિડ્રો પુરસીસના કામે કોઈ અરજી કે વાંધો અમો વાદીઓને આપેલ નહી કે તે માટે કોઈ કાર્યવાહી કરેલ નહી કે વળતર મળતુ અટકી જશે જેથી પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૩ ની સ્થળ ઉપર તમામ જમીન હયાત હોવાનુ અને સંપાદનમાં તેઓના ભાગની કોઈ જમીન ગયેલી ન હોવાનુ જાણતા હોવા છતાં આવડી મોટી રકમ ખાતામાં જમા થયા બાદ દાનત બગડતા વાદીઓની વળતરની રકમ પચાવી પાડવા અને રકમ ન ચુકવવા ખોટા વાયદા કરી અમારા નામનો કોર્ટે એવોર્ડ કરેલ છે તેથી થાય તે કરી લો તેવુ જણાવતા અમો વાદીઓએ આ સંજોગોમાં અમારા હીસ્સાની વળતરની રકમ મેળવવા હાલનો દાવો નામદાર કોર્ટમાં દાખલ કરવાની જરૂર પડેલ છે.

(૫) **દાવાનુ કારણ**

ઉપર પેરામાં જણાવેલ વિગતે અને હકીકતે વાદીઓની જ જમીન સંપાદન થયેલ હોઈ અને પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ ની કોઈ જ જમીન હકીકતમાં સંપાદન થયેલ ન હોવા છતા જમીન સંપાદનની કાર્યવાહી માં જમીનમાં સંયુકત ખાતેદાર હોવાથી પ્રથમ નામ પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ ના માતા તખુબેન જેશાજી પરમારનાનુ નામ હોવાથી તે નામે રેફરન્સ થતા જે રેફરન્સ કેસનં. ૧૮/૨૦૦૭ અને નવો એલ.એ.આર નં.૧૧/૨૩ નામદાર સીવીલ કોર્ટમાં દાખલ કરતા જેનો ઠરાવ તા.૨૯/૪/૨૪ ના રોજ આવતા જમીનનુ વળતર નામદાર કોર્ટમાં સરકારશ્રી ધ્વારા જમા થતા પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ ધ્વારા સી.એમ.એ.નં.૨૧/૨૫ થી નામદાર સીવીલ કોર્ટમાં દાખલ કરતા તા.૨૩/૪/૨૫ ના રોજ પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ ના નામે અલગ અલગ ચેકથી કુલ રૂા.૨,૨૨,૫૩,૫૩૪/–ચુકવી આપવા હુકમ થતા વળતરની રકમના ચેક નામદાર સીવીલ કોર્ટમાંથી મેળવ્યા બાદ પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૩ નાએ

તેઓના ખાતામાંથી કુલ રકમમાંથી વાદીઓ અને વાદીઓના સંતાનોના નામે અલગ અલગ તારીખોના ચેક કુલ બાકીની રકમ આપી ત્યારબાદ રકમ રૂા.૬૬,૮૫,૭૯૪/–ના વળતરની રૂ. ૧,૫૫,૬૭,૭૪૦/–રકમ લેવા માટે પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૩ નાને વારંવાર ઉઘરાણી કરતા પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ કહેતા હતા કે અમારા માતા તખુબેન જેશાજીના નામે એવોર્ડ થયેલો છે તેમ છતા આટલી મોટી રકમ તમોને આપેલી છે હવે કોઈ રકમ તમોને મળશે નહીં તેવી સ્પષ્ટ ના પાડતા અમો વાદીઓને આ સંજોગોમાં અમારા હીસ્સાની વળતરની બાકી રકમ મેળવવા હાલનો દાવો આપ નામદાર કોર્ટમાં દાખલ કરવાનુ કારણ ઉપસ્થીત થયેલ છે.

(૬) પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૩ અને ૩ હાલના દાવામાં તેઓની મુળ સંયુકત ખાતામાંથી કોઈ જમીન તેઓના હીસ્સાની ગયેલ ન હોઈ વળતર મેળવવા મુળ પ્રતિવાદીઓ નં. ૧/૧ થી ૧/૪ માફક વળતર મેળવવા હકદાર ન હોઈ અને અમો વાદીઓ સાથે સહમત થયેલ ન હોઈ અને અમો વાદીઓ સાથે આવેલ ન હોઈ અને મુળ સંપાદન વખતે નામ હોઈ તે સંજોગોમાં ફોર્મલ પક્ષકાર જોડેલ છે.

**સબબ દાદ :–**

(એ) મોડાસાના મે.પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટના લેન્ડ રેફરન્સ નં.૧૮/૨૦૦૭ ના કામે સંયુકત સર્વે નં.૧૬૬ પૈકી ૨ નવો સર્વેનં.૧૪૧ વાળી ખેતીની જમીનમાંથી હે.૦–૩૦–૫૦ ચો.મી જમીન અમો વાદીઓની એકલાની જ સંપાદન થયેલ હોવાનું ઠેરવી મુળ એવોર્ડની રકમ રૂા.૨,૨૨,૫૩,૫૩૪/–માંથી અમો વાદીઓને હીસ્સા વાઈજ રૂા.૬૬,૮૫,૭૯૪/–ચુકવી આપ્યા બાદ બાકી રહેતી રકમ રૂા.૧,૫૫,૬૭,૭૪૦/– પુરા મેળવવા વાદીઓ હકદાર હોવાનુ ઠેરવી તેમજ રૂા.૧,૫૫,૬૭,૭૪૦/– તા.૨૩/૪/૨૫ ના રોજથી ૯ ટકાના વ્યાજ સહીતની રકમ અમો વાદીઓને પ્રતિવાદીઓ નં.૧/૧ થી ૧/૩ ની જાતથી તથા હરેક પ્રકારની મીલ્કતથી વસુલ કરીએ તેવુ હુકમનામુ અમો વાદીઓના લાભમાં કરી આપવા હુકમ કરશોજી.

(બ) પ્રતિવાદી નં.૪ સદર દાવાના આખરી નિકાલ સુધી પ્રતિવાદી નં.૧/૧ ના મોડાસા નાગરીક સહકારી બેંકના સેવિંગ ખાતા નં.૮૦૬૦૫૩૦૦૧૦૦૦૫૭૩ તેમજ પ્રતિવાદી નં. ૧/૨ ના મોડાસા નાગરીક સહકારી બેંકના સેવિંગ ખાતા નં.૮૦૬૦૫૩૦૦૧૦૦૦૪૬૭ તેમજ પ્રતિવાદી નં.૧/૩ મોડાસા નાગરીક સહકારી બેંકના સેવિંગ ખાતા નં.૮૦૬૦૫૩૦૦૧૦૦૦૫૭૪ માંથી કોઈ જ રકમ ચુકવે કે ઉપાડ કરે કરાવે નહિ તેવો જાથુનો મનાઈ હુકમ આપવા મેહેરબાની કરશોજી.

(સી) નામદાર કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી દાદ અપાવશોજી.

(ડી) આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૩ પાસે થી અમો વાદીઓને વસુલ અપાવશોજી.

**સદર દાવાના કામે વાદીએ રૂપિયા.૭૫૦૦૦/– કોર્ટ ફી સ્ટેમ્પ ભરેલ છે.**

**આ દાવો આજરોજ તા.૨૪/૦૪/૨૦૨૬ ના રોજ મહે.મોડાસાના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજની રૂબરૂ વાદી તરફ વિ.વ.શ્રી.એન.પી.પટેલ તથા પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ તરફે એચ.એસ.પટેલ તથા પ્રતિવાદી નં.૪ તરફે પી.એ.ઉપાધ્યાય નાઓની હાજરીમાં સી.પી.સી ઓર્ડર ૭ રૂલ ૧૧ અન્વયે આંક.૨૧ લગત હુકમ કરી, ફરમાવવામાં આવે છે.**

## :: આખરી હુકમ ::

– હાલની આ આંક.૪૦ વાળી અરજી મંજુર કરુ છુ અને ફરમાવુ છુ કે હાલનો આ દાવો ને સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧ (ડી) અન્વયે રીજેકટ થયેલો જાહેર કરુ છે.

– બંન્ને પક્ષકારોએ પોત–પોતાનો ખર્ચ જાતે ભોગવવાનો હુકમ કરુ છું.

– હુકમ મુજબ હુકમનામુ દોરવા હુકમ કરુ છુ.

## :: ખર્ચ નો આંકડો ::

| વાદીનો ખર્ચ | | પ્રતિવાદીનો ખર્ચ | |
|---|---|---|---|
| ૧ ફરિયાદ અરજીનો સ્ટાંપ | **૭૫૦૦૦/-** | ૧ સામા દાવા અથવા ઉલટા દાવાના સ્ટાંપ | **૦૦/-** |
| ૨ મુખત્યારનામાનો સ્ટાંપ | **૦૫/-** | ૨ મુખત્યારનામાનો સ્ટાંપ | **૦૯/-** |
| ૩ રજુ કરેલા કાગળોનો સ્ટાંપ<br>કુલ આગળ આપ્યા પ્રમાણે | **૩/-** | ૩ રજુ કરેલા કાગળોનો સ્ટાંપ<br>કુલ આગળ આપ્યા પ્રમાણે | **૨૪/-** |
| ૪ સાક્ષીઓની ખોરાકી | - | ૪ સાક્ષીઓની ખોરાકી | - |
| ૫ ફરિયાદમાંના દાવા ઉપર પ્લીડરની ફી સામા દાવા ઉપર પ્લીડરની ફી | **૭૯૮૧૩/-** | ૫ પ્લીડરની ફી | **૭૯૮૧૩/-** |
| ૬ પ્રોસેસ બજવણી | **૦૦/-** | ૬ પ્રોસેસ બજવણી | **૦૦/-** |
| ૭ કમિશનની ફી | **૦૦/-** | ૭ કમિશનની ફી | -- |
| ૮ તરજુમાની ફી | - | ૮ તરજુમાની ફી | - |
| ૯ નકલની ફી | - | ૯ નકલની ફી | - |
| ૧૦ મુલતવી રાખવા બદલ આપેલ | - | ૧૦ મુલતવી રાખવા બદલ આપેલ | - |
| ૧૧ વારસોને દાખલ કરવા બાબત ની અરજી ઉપરનો સ્ટાંપ | **૦૦/-** | | |
| **કુલ** | **૧૫૪૮૨૧/-** | | **૭૯૮૪૬/-** |
| નહિ આપેલો ખર્ચ | - | નહિ આપેલો ખર્ચ | - |
| ફરિયાદ અરજીનો ઉપર | - | સામા દાવા ઉપર | - |
| પ્લીડરની ફી | - | પ્લીડરની ફી | - |
| પ્રોસેસ બજવણી | - | પ્રોસેસ બજવણી | - |
| રજુ કરેલા કાગળો ઉપર(આગળ-જુઓ) | - | રજુ કરેલા કાગળો ઉપર(આગળ-જુઓ) | - |
| **બાકી** | --- | **બાકી** | |

આજ તારીખ ૨૪ મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

**તૈયાર કરનાર** **મુકાબલ કરનાર**

**(એમ.એસ.દવે)**

**આસીસ્ટન્ટ** **હેડ કલાર્ક** **પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,**
**મોડાસા.**

**(આ મુકદમાના પક્ષકારોને એવી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ રજુ કરેલા દસ્તાવેજો માહેથી અપીલના નિકાલ થયા પછી, કોઈપણ દસ્તાવેજ લઈ જવામાં નહી આવે તો તે (દસ્તાવેજ) નાશ કરવાને પાત્ર થશો)**